ડાયરેક્ટ ❤ સે

ભગવાને બે સરસ
ગિફ્ટ આપી છે :
પસંદગી અને તક
પસંદગી સારી જિંદગી માટે
અને તક
જિંદગીને શ્રેષ્ઠ બનાવવા માટે

જન્મદિને વધામણી

સુમંતભાઈ મં. શાહ
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર
નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન - ૪
ધાકડ (ગુજરાતી)
૧.૦૦
ટાઈગર ઝિંદા હૈ
૪.૦૦
ભાગમા થિએ (તેલુગુ)
૭.૧૫
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
રાત્રે ૯.૪૫

સ્ક્રીન-૫
ટાઈગર ઝિંદા હૈ
૧૨.૩૦, ૬.૩૦
લવની ભવાઈ (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

દિલ્હી પબ્લિક સ્કૂલનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની પ્રતિષ્ઠિત શાળાઓ પૈકીની એક એવી દિલ્હી પબ્લિક સ્કૂલના પ્રાથમિક અને ઉચ્ચતર વિભાગ દ્વારા દ્વિદિવસીય વાર્ષિકોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. પ્રાથમિક વિભાગે 'ચેન્જ ઈઝ બ્યુટીફુલ' થીમ અંતર્ગત પંચ તત્ત્વોના મહત્ત્વને દર્શાવતા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. ઉચ્ચતર વિભાગે 'સેવ રિવર' થીમ અંતર્ગત વિવિધ કૃતિઓની રજૂઆત કરી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે નિવૃત્ત સનદી અધિકારી ભાગ્યેશ જહા, કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના આસી. કમિશનર ઍસ પી પટેલ અને ખ્યાત રૅડિયો જૉકી ધ્વનિત ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનાં ટ્રસ્ટી મંજુ ગોયન્કા, ડિરેક્ટર રાની ચૌધરી અને પ્રિન્સિપાલ અતનુ રથે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આ સહિયારા સફળ પ્રયાસને બિરદાવી તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક, સેક્ટર-૨૨, ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક નિયમન જાગૃતિને અનુલક્ષીને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રાફિક પોલીસ વિભાગના પીઆઈ બી જે વ્યાસ, પીએસઆઈ એન એસ કટકડી અને કૉલેજના ઍકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફની ઉપસ્થિતિમાં બી જે વ્યાસ દ્વારા ટ્રાફિકના નિયમ પાળવા બાબતે સમજાવવામાં આવ્યા હતા અને આ બાબતની અગત્યતા સમજાવવા માટે ઑડિયો તથા વિડીયો દ્વારા દૃષ્ટાંતો પૂરા પાડવામાં આવ્યા હતા. ટ્રાફિકના નિયમોની અવગણના કેટલી જોખમી છે તે બાબતની વિસ્તૃત જાણકારી વિદ્યાર્થીઓને આપી તેમને ટ્રાફિક નિયમન અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

૪ ફેબ્રુઆરી ને રવિવારના રોજ

પ્રજ્ઞાબહેન પટેલના કાવ્યસંગ્રહ અને વાર્તાસંગ્રહનું લોકાર્પણ



ગાંધીનગર,

ગુજરાત સરકારના માહિતી ખાતાનાં નાયબ નિયામક, ગાંધીનગર સાહિત્ય સભાનાં ટ્રસ્ટી, આત્મન ફાઉન્ડેશનનાં મેનેજિંગ ટ્રસ્ટી અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં પૂર્વ કોષાધ્યક્ષ, પાટનગરનાં જાણીતાં સમાજચિંતક પ્રજ્ઞાબહેન પટેલના પ્રથમ અછાંદસ કાવ્યસંગ્રહ 'આકાશ ખોલી આપું' અને પ્રથમ વાર્તાસંગ્રહ 'પોતપોતાનાં આકાશ'નો વિમોચન સમારોહ તા. ૪ ફેબ્રુઆરી ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે ફાર્મસી કૉલેજ હૉલ, ઘ-૬ પાસે, સૅક્ટર-૨૩ ખાતે યોજાશે. જેમાં ગુજરાતના સુપ્રસિદ્ધ વાર્તાકાર, કવિ, નવલકથાકાર અને 'પરબ'ના તંત્રી શ્રી યોગેશ જોશી, પ્રતિષ્ઠિત વાર્તાકાર શ્રી કિરીટ દૂધાત, જાણીતા કવિ, સંપાદક, ચરિત્રકાર શ્રી હર્ષદ ત્રિવેદી, મૂર્ધન્ય-વરિષ્ઠ સર્જક શ્રી હરિકૃષ્ણ પાઠકની પ્રેરક ઉપસ્થિતિ આ પુસ્તકના પોંખણાના અવસરને ઉજમાળો બનાવશે. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન કવિ શ્રી હરદ્વાર ગોસ્વામી કરવાના છે. પ્રજ્ઞાબહેન પટેલના આ અગાઉ ત્રિઅંકી નાટક 'જ્વાળામુખી', એકાંકી નાટ્યસંગ્રહ 'ચાલ સૂરજ પકડીએ', બાળવાર્તા સંગ્રહ 'નટખટ નિરાલી', સંપાદન : 'સ્મૃતિબંધ', ઝંખના, સહસંપાદન: 'ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ', 'ઉત્તર ગુજરાતનું અનોખું મોતી' શબ્દોત્સવ, 'હેતની હેલી' બાળકાવ્ય સંગ્રહ, બાળનાટક સંગ્રહ 'અમારે કંઈક કહેવું છે' અને પ્રવાસ વર્ણન પુસ્તક 'શિવભૂમિનો સાદ' પ્રકાશિત થઈ ચૂક્યાં છે.

શ્રી પ્રજ્ઞાબહેન પટેલ તેમના સાહિત્યિક અને સેવાકીય યોગદાન માટે સંસ્કૃતિ ગૌરવ પુરસ્કાર, અમદાવાદ, રોટરી ક્લબ ઑફ કૅપિટલ, ગાંધીનગર, ઇન્ટરનૅશનલ એસોસિએશન ઓફ એજ્યુકેટર્સ ફોર વર્લ્ડ પીસ એવોર્ડ, યુનો દ્વારા પણ સન્માનિત થયાં છે. તદુપરાંત તેઓશ્રીને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગિરા ગુર્જરી પારિતોષિક પણ પ્રાપ્ત થયાં છે. પુસ્તક પોંખણાના આ અવસરે પ્રજ્ઞાબહેન પટેલે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને તેમજ સાહિત્યપ્રેમીઓને ઉપસ્થિત રહેવા હેતભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

ટૉપ ઍજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ હેતુ ઍડમિશન ટેસ્ટ યોજવામાં આવશે

ગાંધીનગર,તા. ૨

ગાંધીનગરમાં શૈક્ષણિક ક્ષેત્રે અગ્રણી ટૉપ ઍજ્યુકેશન દ્વારા ધોરમ-૧૦માંથી ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશીપકમ ઍડમિશન ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીને ૯૦ ટકા સુધીની શિષ્યવૃત્તિ જીતવાની તક મળશે. પરીક્ષા તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ અને તા. ૨૫ માર્ચ, ૨૦૧૮ના રોજ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવશે. પરીક્ષાનો સમય સવારે ૧૦થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો રહેશે. આ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧૦ મુજબ (ફક્ત ગણિત અને વિજ્ઞાન) તથા પરીક્ષા પધ્ધતિ હેતુલક્ષી (ઓઍમઆર) રહેશે. આ અંગેની વધુ માહિતી માટે મો. નં. ૯૯૯૮૫ ૩૬૫૦૭, ૭૪૯૦૦ ૩૬૫૦૭ અથવા ૯૦૯૯૦ ૩૩૦૩૪ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

કુડાસણ, દંતાલી અને ઉવારસદના ૯૩ બાળકોએ શહીદ દિને સાબરમતી આશ્રમનો પ્રવાસ કર્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની ત્રણ પ્રાથમિક શાળાઓ દંતાલી, કુડાસણ અને ઉવારસદના ૯૩ જેટલા બાળકોએ શહીદ દિને ગાંધીઆશ્રમની મુલાકાત લઈ આત્મવિશ્વાસની વધુ મજબુતાઈ મેળવી હતી. સ્વૈચ્છીક સંસ્થા સેવાકુંજ દ્વારા દત્તક લેવાયેલ આ ત્રણેય શાળાના બાળકોનો આ શૈક્ષણિક પ્રવાસ બાળકો માટે મનભાવન બની રહ્યો હતો.

તેમાંય જયારે બાળકોએ હૃદયકુંજની મુલાકાત લીધી ત્યારે તે વધુ ભાવુક બની ગયા હતા. આ ઉપરાંત બાપુના ચરખા પાસે પહોંચ્યા ત્યારે રૂની પૂણીમાંથી બનતા કાપડની વાત સાંભળી તેમના આત્મવિશ્વાસને મજબુત બનાવવાનો સંદેશ સાંભળી બાળકો પ્રસન્ન થઈ ગયા હતા.

આશ્રમના સ્વંયસેવિકા લત્તાબેને બાળકો સાથે ગાંધી સ્મરણ કથાની કેટલીક અદભુત વાતો કરી હતી એટલુ જ નહિ બાળકોએ આશ્રમના વિવિધ ખંડો સહિતની મુલાકાત સાથે યાદગાર પ્રવાસને તેમની કાલીઘેલી ભાષામાં શિક્ષકો સમક્ષ વ્યક્ત કર્યો હતો.

જિલ્લાની વિવિધ શાળાઓમાં હાલ શૈક્ષણિક પ્રવાસોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. રાષ્ટ્રપિતાની ૭૧મી પુણ્યતિથિ અને શહીદદિને યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસથી બાળકો ખુબ જ આનંદિત થયા હતા અને તેમણે આયોજકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સેવાકુંજના વિભૂતીબેને જણાવ્યુ હતુ કે મહાન વ્યક્તીઓ અને તેમના વ્યક્તીત્વ સાથે સંકળાયેલી મહત્વની વાતોથી બાળકોને આઝાદી જંગની લડતની ઘણી બધી ઐતહાસિક ઘટનાઓની જાણકારી મળી હતી.

રવિવારે મોટા ચિલોડા ખાતે બ્રહ્માકુમારીઝનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨

રવિવાર, ૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ નાં રોજ મોટા ચિલોડા ખાતે બ્રહ્માકુમારીઝનો ૩૦મો વાર્ષિકોત્સવ અને નવનિર્મિત 'જગદંબા ભવન'નાં મંગલ ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

મોટા ચિલોડા ચાર રસ્તા પર આકાર પામેલ નવનિર્મિત 'જગદંબા ભવન'નું ઉદઘાટન સવારે ૧૦.૦૦ વાગે બ્રહ્માકુમારીઝનાં સહ મુખ્ય પ્રશાસીકા રાજયોગિની રતન મોહિની દાદીજી તથા રાજ્યનાં નાયબ મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા સંસ્થાનાં મહાસચિવ રાજયોગી ભ્રાતા બી.કે.નીર્વૈરભાઈની ઉપસ્થિતિમાં થશે. નવનિર્મિત ભવનનાં પ્રાંગણમાં બેન્ડવાજા, કળશ, સહેનાઈ વાદનથી ભવ્ય આવકાર અને આત્મ સ્મૃતિનું તિલક તથા પુષ્પગુચ્છ દ્વારા શુભસ્વાગત પ્રાંગણ માં જ શિવ ધ્વજા રોહણ થશે અને ત્યારબાદ નવનિર્મિત ભવનની તકતીની અનાવરણ વિધિ, મેડીટેશન હોલનાં મુખ્ય પ્રવેશ દ્વાર અને ભવનનાં રીસેપ્શન દ્વારની મંગલ વિધિ થશે. આ મંગલ ઉદઘાટનમાં રાજ્ય સરકારના ટુરિઝમ વિભાગના ટુરિઝમ વિભાગના પ્રિન્સિપાલ સચિવ શ્રી.એસ.જે હૈદર, કોસ્ટ ગાર્ડ ગાંધીનગર નાં આઈ.જી. શ્રી.રાકેશ પાલ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળનાં ડી.આઈ.જી. શ્રી.રાજેશ ઢકરવાલ, કમાન્ડન્ટ ઈન્દ્રાણી મેડમ, સંસ્થાના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુ, સમગ્ર ભારત અને વિદેશથી અસંખ્ય મહાનુભાવો ખાસ પધારશે. ત્યારબાદ સૌ ઓમ લેન્ડમાર્ક એજ્યુકેશન કેમ્પસ ખાતે પ્રસ્થાન કરશે. જ્યાં આયોજિત ચિલોડા સેવાકેન્દ્રનાં ૩૦મો વાર્ષિકોત્સવ અને નવનિર્મિત 'જગદંબા ભવન'નાં મંગલ ઉદઘાટન કાર્યક્રમમાં સવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ દરમ્યાન ભવ્યાતી ભવ્ય સાંસ્કૃતિકનુ આયોજન કરેલ છે. જેમાં ગાંધીનગરનાં બ્લ્યૂ બબલ્સ એકેડેમીનાં કલાકારો કશ્યપભાઈ નિમાવતનાં નિર્દેશન તળે ગણેશ વંદના, સ્વાગત ગીત, ગરબા રાસ અને નૃત્ય નાટિકા જેવી વિવિધ કૃતિઓ રજુ કરશે. સાથે સાથે બ્રહ્માકુમારીઝ, માઉન્ટ આબુથી પધારેલ મધુરવાણી ગ્રુપનાં બ્રહ્માકુમાર સતીશભાઈ અને નિતીનભાઈ પણ વિવિધ આધ્યાત્મિક ગીતોની રસલ્હાણ કરાવશે. જયારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ ઉદઘાટનનું સ્ટેજ ફંક્શન રહેશે. જેમાં મહેમાનોનું પુષ્પો દ્વારા સ્વાગત, ગીત દ્વારા સ્વાગત થશે, સેવાકેન્દ્રનાં ૩૦મા વાર્ષિકોત્સવ નિમિત્તે કેક કટિંગ, નવનિર્મિત જગદંબા ભવન નાં ઉદઘાટન પ્રસંગે આમંત્રિત મહેમાનો દ્વારા ભવ્ય કેન્ડલ લાઈટીન્ગ થશે. કાર્યક્રમ થી ૩,૦૦૦ જેટલા ભાઈ બહેનો લાભાન્વિત થશે.

ગાંધીનગરના ધ અર્થિંગ ગ્રૂપ દ્વારા

'આમી અસલ આદિવાસી' નાટકની ધમાકેદાર પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૨

તમે વારલી પેઈન્ટિંગ વિષે સાંભળ્યું હશે. પણ આ પેઈન્ટિંગ બનાવતા વારલી જાતિના લોકો વિષે સાંભળ્યું છે, ખરું ? આ આદિવાસી જાતિના લોકો ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં વસેલા છે અને તેમની જીવન શૈલીને દર્શાવતુ, આ નાટક "આમી અસલ આદિવાસી - ઝાડી જંગલના રેહવાસી" ગુજરાત-મહારાષ્ટ્રના ડુંગરીયાળ વિસ્તારોમાં વસતા આદિવાસીઓની સ્વછંદ ગાથા છે. ગાંધીનગરના ધ અર્થીન્ગ સોસાયટી અને બેડરૂમ થિયેટર દ્વારા આ નાટક તૈયાર કરવામાં આવ્યું છે.

અંગ્રેજોના શાસનકાળ વખતે ફોરેસ્ટ એક્ટ લાગુ કરવામાં આવ્યો હતો. જેમાં ઝાડ અને જંગલો પર અંગ્રેજોએ અધિકાર જમાવ્યો હતો અને આજે પણ એ જ નિયમોને લઈને આદિવાસી પ્રજા આદિમ સંઘર્ષ કરી રહી છે, જેની વાત આ નાટકમાં વણી લેવામાં આવી છે. વારલી જાતીના લોકો ઝાડી-જંગલોમાં વસવાને કારણે તેઓ ગુજરાત અને મહારાષ્ટ્રના વિસ્તૃત જંગલોમાં ફેલાયેલા છે અને આશ્ચર્યની વાત એ છે કે પૂજાવિધિ, વિવિધ પ્રસંગો, અને જન્મ અને મૃત્યુ સંબંધિત રીવાજો કે ખેતીને લગતા પૂજનમાં ગ્રામવાસીઓ, સબંધીઓ ભેગા થાય છે. હાથમાં ઘાન્ઘડી (વાદ્ય) લઈને 'વારલી' જાતિની અલગ અલગ કથા સંભળાવે છે. જેમાં તેમની ઉત્પતિથી લઈને તેમના દેવી-દેવતાઓ અને રાજાઓની પણ કથા કરે છે.

નાટકમાં દુર્બળ સમયમાંથી ગુજરતા એક વારલી જાતિના શિવરામની કથા છે, જે પોતાની કથળતી સ્થતિથી બહાર આવવા માંગે છે અને શહેર જઈને વિકાસ કરવા માંગે છે. કેમ કે તેને અભાસ થઈ ગયો છે કે, તે કમજોર છે અને તે ખાલી મજુરી કરી શકે છે. કુનબી લોકોની જેમ ખેતી ન કરી શકે. પણ તે દરેક વખતે પોતાની પત્ની વાસંતી અને ગામના વડીલ દાદા સામે ઝુકી જાય છે, ગામનો જમીનદાર તેની જમીન હડપ કરવા માંગે છે અને શિવરામને મારવાનું ષડયંત્ર બનાવે છે. લોહારીદેવના પહાડ પર શિવરામ અને જમીનદાર વચ્ચે ઝડપા-ઝડપી થાય છે અને લોહારી દેવની આત્મા તેની રક્ષા કરે છે. પોતાની જાતને સહી સલામત જોઈને શિવરામ ભાવવિભોર થઈ જાય છે અને પ્રતિજ્ઞા કરે છે કે હવે ક્યારેય વારલી હોવા પર નિસાસો નઈ નાખે અને પોતે વારલી હોવાનો ગર્વ અનુભવે છે.

સંશોધનથી માંડીને, આ નાટકને ઉભું કરવાનો શ્રેય નીલમભાઈ-ખોબા, અનિલ રાઠોડ, ચિરાગ પારેખ, અને પ્રફુલ પંચાલને આભારી છે. આ ઉપરાંત નાટકમાં વારલી જાતિના પ્રસંગો, પૂજા અને ખેતી સમયે ગવાતા ગીતો તેમજ નૃત્યને દેશી વાદ્યના તાલ સાથે સમાવ્યું છે અને ઉપ કલાકારોના સમન્વયથી આ નાટક મંચ ઉપર અદભુત દ્રશ્ય ખડું કરે છે. મઝાની વાત એ છે કે ઘણા બધા કલાકારોએ પ્રથમ વખત નાટકમાં ભાગ લીધો અને નાટકને સફળ કરવામાં પોતાનો ફાળો નોધાવ્યો.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી, આ નાટકની પ્રસ્તુતિ તાજેતરમાં જ રાંધેજા, સાદરા, અડાલજ, કોબા અને અમદાવાદ ખાતે કરવામાં આવી. પ્રેક્ષકોએ આ નાટકને ખુબ માણ્યું અને વખાણ્યું. નાટકનું લેખન અને દિર્ગદર્શન પ્રફુલ પંચાલ અને નિયમન અને ડિઝાઈનિંગ ચિરાગ પારેખ તથા અનીલ રાઠોડ દ્વારા કરવામાં આવેલ છે. આ નાટકને સફળ કરવા પાછળ નિલમભાઈ, રવિભાઈ, નિરાલીબેન, કેતનભાઈ, જગદીશભાઇ, પ્રકાશભાઈ, કે.ડી.ભટ્ટ, તૃપ્તિબેન, રાજીવભાઈ, તેજસભાઈ, પ્રવીણભાઈ, સ્મિતાબેન, સુરેશભાઈ, યોગેશભાઈ નો સિંહફાળો રહેલ છે. તે ઉપરાંત પરિધિ શેલત, સંધ્યા કાર, ડીજે પાર્થ ગઢીયા, ભવ્ય દોશી, દિવ્યકાન્ત વર્મા, હર્ષલ વ્યાસ, જીગર બરાસરા, ગૌરવ તાપોધાન, ગૌરાંગ રાવલ, વિશાલ ચૌહાણ, વિશાલ અલગોતર, વિશાલ વાંઝા, અનિલ પાલ, સ્મિત જોજા, યશ ઠાકોર, વીરાંશૂલ પંચાલ, સૌરભ મોહતા, જગપાલ ભરાડ, મનીષા શાહ, જીત વ્યાસ, પ્રેક્ષા પટેલ, હેતલ જાદવ, નીલ ડોડીયા, ભૂમિકા બ્રહ્મભટ્ટ, આનંદ પારેખ, શુભમ બાલાપુરે, મહર્ષિ,ઉપરાંત અભિષેક ઉપાધ્યાય, સેમ શિવહરે, રોમાંચ સોની અને અનુરાધા સહીત દરેક કલાકાર અને નેપથ્યનો ઉત્તમ ફાળો રહેલો છે.